સંકલિત બાળ વિકાસ યોજનાના અસરકારક અમલ માટે સને વર્ષ ૨૦૧૮-૧૯ માટે સ્ટેટ કચેરી, જિલ્લા કચેરી, અને ઘટક કચેરીઓના ભાડાના વાહનો રાખવા માટે વાહન દીઠ રૂ.૨,૫૦,૦૦૦/- લેખે મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ આઈસીડી-૧૧૨૦૧૨-૫૩૬-બ

સચિવાલય, ગાંધીનગર

તા. ૦૨-૦૭-૨૦૧૮

વંચાણે લીધાઃ-

(૧) ભારત સરકારનો તા.૨૩/૧૧/૨૦૧૭નો પત્ર ક્રમાંકઃનં.૧૧-૩૬-૨૦૧૬-સીડી-I.

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૨/૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક આઇસીડી/૧૧૨૦૧૮/૧૫૦૭૧૫/બ

(૩) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી ગાંધીનગર ના તા- ૮/૫/૨૦૧૮ નો પત્ર નં ૩/સ્ટોર/વાહન ભાડે/મંજુરી/૧૮-૧૯/આઇસીડીએસ/૨૨૬૭૬/૧૮

ઠ રા વઃ-

સંકલિત બાળ વિકાસ યોજનાના અસરકારક અમલીકરણ માટે ભારત સરકાર તરફથી વાહનો ભાડે રાખવાની મંજુરી આપવામાં આવેલ છે. ઉપર સંદભ (૧) માં દર્શાવેલ ભારત સરકારના તા-૨૩/૧૧/૨૦૧૭ના પત્રથી POL તથા ભાડાના વાહન અંગેના કમ્પોનન્ટ્સમાં થયેલ ફેરફાર મુજબ પ્રતિ વાહન રૂ.૨.૧૫ લાખના બદલે રૂ.૨.૫૦ લાખ વાહન ભાડા માટે મંજુર કરેલ. સંદર્ભ (૨) માં દર્શાવેલ મ. અને બા. વિ. વિભાગના તા-૦૨/૪/૨૦૧૮ના ઠરાવથી વર્ષ ૨૦૧૮-૧૯ ના અંદાજપત્રમાં સમાવિષ્ટ રૂ.૧૦૦ કરોડથી વધુ રકમની ચાલુ બાબતોની વહીવટી મંજુરી આપવામાં આવેલ. સંદર્ભ (૩) માં દર્શાવેલ કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરી ના તા.૮/૫/૨૦૧૮ના પત્ર થી ભારત સરકારશ્રીના તા.૨૩/૧૧/૨૦૧૭ના પત્ર મુજબ ભાડાના વાહન માટે સુધારે દરો મુજબ સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૮-૧૯ માટે સ્ટેટ કચેરીના ૮, જિલ્લા કચેરીના ૩૨ અને ઘટક કચેરીના ૩૦૫ વાહનો મળી કુલ ૩૪૫ ભાડાના વાહનો રાખવા માટે વાહન દીઠ રૂ. ૨.૫૦.૦૦૦/- લેખે મંજુરી આપવા દરખાસ્ત કરેલ છે.

૨/. કાળજીપૂર્વકની વિચારણાને અંતે કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરી ની ઉપર સંદર્ભ (૩) માં દર્શાવેલ પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અનુસાર આઇ.સી.ડી.એસ યોજનાના અસરકારક અમલ માટે સને વર્ષ ૨૦૧૮-૧૯ માટે સ્ટેટ કચેરીના ૮, જિલ્લા કચેરીના ૩૨ અને ઘટક કચેરીના ૩૦૫ વાહનો મળી કુલ ૩૪૫ ભાડાના વાહનો રાખવા માટે વાહન દીઠ રૂ.૨,૫૦,૦૦૦/- લેખે આથી નીચેની શરતો અનુસાર મંજુરી આપવામાં આવે છે.

<u>શરતો</u> -

(૧) આ હેતુ માટે વર્ષ ૨૦૧૮-૧૯ ની બજટ જોગવાઇ તથા ફાળવાયેલ ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે. તથા ખૂટતી જોગવાઇ વર્ષ ૨૦૧૮-૧૯ ના અંદાજપત્રમાં સુધારેલ અંદાજપત્રમાં મંજુર કરાવી મેળવી લેવાની રહેશે.

(૨) આ હેતુ માટે રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ તથા જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ સંબંધિત સદરમાં થયેલ જોગવાઇને ધ્યાને લઇ નીચે દર્શાવેલ સંબંધિત બજેટ સદરેથી કરવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી ક્રમાંક | ૧૦૬ |
| મુખ્ય સદર. | ૨૨૩૬ પોષણ |
| પેટા મુખ્ય સદર | ૦૨-પોષકલ ખાધ અને પીણાની વહેચણી |
| ગોણ સદર. | ૮૦૦ અન્ય ખર્ચ. |
| પેટા સદર | (૦૧) સંકલિત બાળ વિકાસ યોજના |

તથા

| | |
|---|---|
| માંગણી ક્રમાંક | ૯૬ |
| મુખ્ય સદર. | ૨૨૩૬ પોષણ |
| પેટા મુખ્ય સદર | ૦૨-પોષકલ ખાધ અને પીણાની વહેચણી |
| ગોણ સદર. | ૭૯૬ આદિજાતિ પેટા યોજના . |
| પેટા સદર. | ૦૧ સંકલિત બાળ વિકાસ યોજના |

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૯/૬/૨૦૧૮ની નોંધ થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ

1. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર
2. માન. રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર
3. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
4. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
5. કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
6. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
7. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર
8. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
9. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
10. સિલેક્ટ ફાઇલ